## પત્રક – ૧

## રાજ્ય આયોજિત લોક સંવાદ સેતુ દરમ્યાન અરજદારો દ્વારા રજૂઆત તેમજ પગુવીકલી દ્વારા આપવામાં આવેલ પ્રત્યુત્તર ની વિગત

| | |
|---|---|
| લોક સંવાદ સેતુ તારીખ : | ૧૯.૦૫.૨૦૧૬ |
| સ્થળ : | અમૃતબેન હીરાલાલ કન્યા વિદ્યાલય -વડીયા |
| સમય : | ૧૦:૦૦ કલાકે |
| તાલુકાનું નામ : | કુંકાવાવ |

**તા.૧૯.૫.૨૦૧૬ ના રોજ <u>વડીયા</u> મૂકામે યોજાયેલ તાલુકા કક્ષાના લોક સંવાદ સેતુ ના પ્રશ્નો ની વિગતો:**

| અનુક્રમ | લોક દરબાર નો પ્રશ્ન ક્રમાંક | રજુઆતકર્તાનુ નામ અને સરનામુ | પ્રશ્ન/રજુઆતની વિગત | લોક દરબાર દરમ્યાન જવાબ/નિર્ણયની વિગત | નિરાકરણ કરનારા અધિકારીશ્રીના નામ અને મોબાઇલ નંબર | પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | વર્તુળ કચેરી | નિકાલની સ્થિતી (નિકાલ/પડતર/ નીતી વિષયક) | જો પડતર હોય તો નિકાલની અંદાજીત તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ધનજીભાઈ કુલાભાઈ હિરપરા, ગામ : તરઘરી, તા: વડિયા કુંકાવાવ , જી: અમરેલી | ખેતીવાડી વીજ જોડાણ ન મળવા બાબત | ધનજીભાઈ કુલાભાઈ હિરપરા રહે તરઘરી નું સામાન્ય યોજનામાં તા: ૨૪.૦૩.૨૦૦૮ ની અરજી અનુસંધાને ક્રમાનુસાર વારો આવતા અરજદાર ને પત્ર નં.૬૯૭૩ તા: ૨૩.૧૦.૨૦૧૫ નાં રોજ ભાવપત્રક પાઠવવામાં આવેલ જે અરજદાર દ્વારા તા: ૨૯.૧૦.૨૦૧૫ નાં રોજ ભરપાઈ થતા કંપની દ્વારા લાઈન કામ કરવાની કાર્યવાહી હાથ ધરવા મા આવેલ પરંતુ તા: ૨૮.૦૧.૨૦૧૬ નાં રોજ પડોશી ખેડૂત ખાતેદાર શ્રી વિનુભાઈ રવજીભાઈ હિરપરા દ્વારા પોતાના ખેતર નાં શેઢા ઉપર લાઈન ઉભી ન કરવા લેખિત વાંધા અરજી રજુ કરવામાં આવેલ જેથી પીજીવીસીએલ નાં અધિકારી દ્વારા તા: ૨૯.૦૨.૨૦૧૬ નાં રોજ સ્થળની રૂબરૂ મુલાકાત લઈ સમજાવટની કાર્યવાહી હાથ ધરેલ પરંતુ વાંધાનું નિરાકરણ નહિ થતા ઈન્ડીયન ટેલીગ્રાફ એક્ટ -૧૮૮૫ નાં સેક્સન -૧૬(૧) તેમજ ઈન્ડીયન ઇલેક્ટ્રિકસીટી એક્ટ ૧૯૧૦ નાં સેક્સન -૧૨(૨) અનુસાર માન. ડીસટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ સદરહુ બાબત ને પત્ર નં: ૨૬૬૪ તા: ૨૭.૦૪.૨૦૧૬ થી રજુ કરેલ છે.<br><br>જે કેસની સુનાવણી ની તારીખ ૨.૬.૨૦૧૬, ૬.૬.૧૬ તેમજ ત્યારબાદ તા.૧૩.૬.૧૬ ના રોજ મુકરર થયેલ. તા. ૧૩.૬.૧૬ ની અંતિમ મુદ્દતે સુનાવણી પુર્ણ થયેલ છે . તા. ૭.૭.૧૬ ના રોજ માન. જિલ્લા મેજીસ્ટ્રેટ ના પીજીવીસીએલ ની તરફેણમાં થયેલ્હુકામ અનુસાર તા. ૧૦.૭.૨૦૧૬ ના રોજ વિવાદિત વિજ લાઈન ઉભી કરવાની કામગીરી પુર્ણ કરેલ છે તેમજ અરજદારનું વિજ જોડાણ ચાલુ કરી આપેલ છે. | જે એલ સાંગાણી, નાયબ ઇજનેર , પીજીવીસીએલ , પેટા વીભાગીય કચેરી - વડિયા મો: ૯૯૨૫૨૦૯૩૮૦ | વડિયા | અમરેલી-૨ | અમરેલી-૨ | નિકાલ | | |

# પત્રક – ૧

## રાજ્ય આયોજિત લોક સંવાદ સેતુ દરમ્યાન અરજદારો દ્વારા રજૂઆત તેમજ પગુવીકલી દ્વારા આપવામાં આવેલ પ્રત્યુત્તર ની વિગત

| | |
|---|---|
| લોક સંવાદ સેતુ તારીખ : | ૧૯.૦૫.૨૦૧૬ |
| સ્થળ : | અમૃતબેન હીરાલાલ કન્યા વિદ્યાલય -વડીયા |
| સમય : | ૧૦:૦૦ કલાકે |
| તાલુકાનું નામ : | કુંકાવાવ |

## તા.૧૯.૫.૨૦૧૬ ના રોજ વડીયા મૂકામે યોજાયેલ તાલુકા કક્ષાના લોક સંવાદ સેતુ ના પ્રશ્નો ની વિગતો:

| અનુક્રમ | લોક દરબાર નો પ્રશ્ન ક્રમાંક | રજુઆતકર્તાનુ નામ અને સરનામુ | પ્રશ્ન/રજુઆતની વિગત | લોક દરબાર દરમ્યાન જવાબ/નિર્ણયની વિગત | નિરાકરણ કરનારા અધિકારીશ્રીના નામ અને મોબાઇલ નંબર | પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | વર્તુળ કચેરી | નિકાલની સ્થિતી (નિકાલ/પડતર/ નીતી વિષયક) | જો પડતર હોય તો નિકાલની અંદાજીત તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | શ્રી પી વિ કોટડીયા ગામ: વડીયા તા: વડીયા કુંકાવાવ , જી: અમરેલી | વડીયા પેટા વિભાગમાં છેલ્લા ૫ થી ૬ મહિના થી કોટેશન ભરેલ ખેતવાડી વીજ જોડાણો આપવામાં આવેલ નથી | સદર રજૂઆત મા અરજદાર શ્રી ની પોતાના વિજ્જોડાણ ની અરજી બાકી નથી પરંતુ સાર્વત્રિક હિત મા રજૂઆત રજુ કરેલ છે , હાલ મા વડીયા પેટા વિભાગ ને ઉપલી કચેરી દ્વારા વર્ષ ૧૬-૧૭ માટે વાર્ષિક લક્ષાંક ૧૦૬૩ વીજ જોડાણો આપવાનો આપેલ છે જેથી વાર્ષિક લક્ષાંક અનુસાર દર માસે ૧૦૦ વીજ જોડાણનું લાઈન કામ પૂર્ણ કરી વીજ જોડાણ આપી શકાય તે મુજબ આયોજન કરી માલસામાન ની ઉપલબ્ધતા અનુસાર કોન્ટ્રાકટર ને કામગીરી સોપવામાં આવે છે અને માસિક લક્ષાંક પૂર્ણ કરવામાં આવે છે હાલ વડીયા પેટા વિભાગ મા માહે ફેબ્રુઅરી -૧૬ સુધીમાં ભાવપત્રક ભરપાઈ થયેલ તેવી અરજી નો નિકાલ કરી વિજ જોડાણ આપવાનું કામ પૂર્ણ કરેલ છે. | જે એલ સાંગાણી, નાયબ ઇજનેર , પીજીવીસીએલ , પેટા વીભાગીય કચેરી - વડિયા મો: ૯૯૨૫૨૦૯૩૮૦ | વડિયા | અમરેલી-૨ | અમરેલી-૨ | નિકાલ | | |
| | | | વડીયા પેટા વિભાગમાં આવતા ખેતીવાડી વીજ જોડાણોમાં થ્રી ફેઈઝ વીજ પુરવઠો ૮ કલાક આપવામાં આવે છે તે ૨૪ કલાક આપવો | વડીયા પેટા વિભાગીય કચેરી હેઠળ ના ખેતીવાડી વિજ ફીડરો ને અલગ અલગ ગૃપ માં વિભાજીત કરવામાં આવેલ છે જેમાં વારાફરતી પધ્ધતિ પ્રમાણે દરરોજ સરેરાશ ૮ કલાક ૩-ફેઇઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. આમ એક અઠવાડીયુ દિવસે અને બીજુ અઠવાડીયુ રાત્રિના એ રીતે રોટેશનમાં દરરોજ સરેરાશ ૮ કલાક ૩-ફેઇઝ વીજ પુરવઠો મળી શકે તે યોગ્ય આયોજન કરવામાં આવેલ છે. વીજળીની માંગ અને પુરવઠાની સમતુલા જળવાઇ રહે અને સિસ્ટમ ઉપર એકી સાથે ખેતીવાડી લોડનું ભારણ ન આવે અને સિસ્ટમનું સારી રીતે નિયમન થઈ શકે તે હેતુ થી પીજીવીસીએલ હેઠળના ખેતીવાડી ફીડરોને કુલ બાવન ગ્રુપમાં વિભાજીત કરવામાં આવેલ છે અને દરેક ખેતીવાડી ગ્રુપને અઠવાડીક નિયત શેડયુલ મુજબ એક અઠવાડીયુ દિવસે અને બીજુ અઠવાડીયુ રાત્રિના એમ વારાફરતી (રોટેશન) પધ્ધતિથી દરરોજ સરેરાશ ૮ કલાક ૩-ફેઇઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. પ્રવર્તમાન નિયમાનુસાર ખેતીવાડી ફીડરમાં ૨૪ કલાક વિજ પુરવઠો આપી શકાય નહિ. | | | | | | | |
| | | | વડીયા પેટા વિભાગમાં પીજીવીસીએલ દ્વારા ચેકિંગ કરવામાં આવે છે ત્યારે તમામ ગ્રાહકોને ચેક કર્યા પછી સ્થળ ઉપર ચેકિંગ સીટ આપવામાં આવતી નથી અને ઓફીસ મા બેસી ચકીંગ સીટ બનાવે છે તે નિયમ વિરુધ્ધ હોય યોગ્ય કરવું | વડીયા પેટા વિભાગમાં પીજીવીસીએલ દ્વારા ચેકિંગ કરવામાં આવે છે ત્યારે જે ગ્રાહકો સ્થળ ઉપર સહી કરે છે તેને સ્થળ ઉપરજ ચેકિંગ શીટની નકલ આપવામાં આવે છે. પરંતુ જે ગ્રાહક ચકીંગ સીટ મા સહી કરવાનો ઇન્કાર કરે તેવા સંજોગોમાં પુરવણી બિલ સાથે ચેકિંગ શીટની નકલ ગ્રાહક ને મોકલવામાં આવે છે. વિશેષમાં, અરજદાર દ્વારા કોઈ ખાસ કીસ્સાનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આમ ઓફીસ મા બેસી ચકીંગ સીટ બનાવે છે તે રજૂઆત મા તથ્ય નથી. | | | | | | | |
| | | | વડીયા પેટા વિભાગ મા છેલ્લા ઘણા સમયથી ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઇલ આવે છે જેની સંખ્યા લગબગ વર્ષે ૩૫ થી ૪૦ જેવિ છે અને ખેડૂતો ને ૧૦ થી ૧૨ દિવસ રાહ જોવી પડે છે | સદર રજૂઆત મા અરજદાર શ્રી ની પોતાના વિજ્જોડાણ માટે કોઈ રજૂઆત નથી.રજૂઆત ના અનુસંધાનમાં તપાસતા જાણવા મળેલ છે કે,ગ્રામ્ય વિસ્તારમાં વીજ ટ્રાન્સફોર્મર બળી જવાની ફરિયાદ નોંધાયાથી દિવસ -૨ મા ટ્રાન્સફોર્મર બદલાવવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવે છે વડીયા પેટા વિભાગ દ્વારા છેલ્લા ૮ મહિના ૨૮૧ જેટલા ટ્રાન્સફોર્મર બળવાની ફરિયાદ મળેલ છે. જે પૈકી વર્ષ ૨૦૧૫-૧૬ માં માત્ર ૮ નંગ ચાર્જિંગ ફેઈલ ના કિસ્સા નોંધાયેલ છે. જેના કારણોમાં ટ્રાન્સફોર્મરના ટેસ્ટીંગ દરમ્યાનની કોઈ ક્ષતિ જોવા મળેલ નથી. પરંતુ ટ્રાન્સપોર્ટેશન દરમ્યાન કોઈ ક્ષતિ ઉભી થઇ હોય તેવું બની શકે. | | | | | | | |
| | | | વડીયા પેટા વિભાગમાં જે ખેડૂત એ લોડ વધારો માગી કોટેશન નિયમાનુસાર ભરેલ છે તેનો લોડ વધારો બિલ મા ચડેલ છે પણ સ્થળ ઉપર ટ્રાન્સફોર્મર મા કે કેબલ મા ફેરફાર કરેલ નથી | વડીયા પેટા વિભાગમાં જે ખેડૂત એ લોડ વધારો માગી કોટેશન નિયમાનુસાર ભરેલ છે તેનો લોડ વધારો બિલ મા ચડેલ છે તેને ક્ષમતા મુજબ નું ટ્રાન્સફોર્મર અને કેબલ મા ફેરફાર કાર્ય બાદ લોડ વધારો બિલ માં ચડવામાં આવે છે.વિશેષમાં અરજદાર દ્વારા કોઈ ખાસ કિસ્સાનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. જેથી, વધુ તપાસ કરી શકાય. | | | | | | | |

## પત્રક – ૧

## રાજ્ય આયોજિત લોક સંવાદ સેતુ દરમ્યાન અરજદારો દ્વારા રજૂઆત તેમજ પગુવીકલી દ્વારા આપવામાં આવેલ પ્રત્યુત્તર ની વિગત

| | |
|---|---|
| લોક સંવાદ સેતુ તારીખ : | ૧૯.૦૫.૨૦૧૬ |
| સ્થળ : | અમૃતબેન હીરાલાલ કન્યા વિદ્યાલય -વડીયા |
| સમય : | ૧૦:૦૦ કલાકે |
| તાલુકાનું નામ : | કુંકાવાવ |

### તા.૧૯.૫.૨૦૧૬ ના રોજ વડીયા મૂકામે યોજાયેલ તાલુકા કક્ષાના લોક સંવાદ સેતુ ના પ્રશ્નો ની વિગતો:

| અનુક્રમ | લોક દરબાર નો પ્રશ્ન ક્રમાંક | રજુઆતકર્તાનુ નામ અને સરનામુ | પ્રશ્ન/રજુઆતની વિગત | લોક દરબાર દરમ્યાન જવાબ/નિર્ણયની વિગત | નિરાકરણ કરનારા અધિકારીશ્રીના નામ અને મોબાઇલ નંબર | પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | વર્તુળ કચેરી | નિકાલની સ્થિતી (નિકાલ/પડતર/ નીતી વિષયક) | જો પડતર હોય તો નિકાલની અંદાજીત તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | શ્રી કપીલભાઈ ચંદુભાઈ ત્રિવેદી ગામ : ભાયાવદર તા: કુંકાવાવ વડીયા, જીલ્લા : અમરેલી | પાણીના સ્ત્રોત માટેનું નવું વોટર વર્કસ વીજ કનેકસન જ્યોતિગ્રામ ફીડરમાંથી આપવા બાબત | પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમાનુસાર પરિપત્ર ન: જીયુવિએનએલ / ટેક / વોટર વર્ક્સ / ૧૧૦૦ તા: ૩.૭.૨૦૧૪ મુજબ ગામતળ વિસ્તારમાં માંગવામાં આવતા વોટરવર્કસ વીજ જોડાણ માટે જ્યોતિગ્રામ ફીડરમાંથી વિજ પુરવઠો પુરો પડવાનો રહે છે જયારે ગામતળ બહાર માંગવામાં આવતા વોટર વર્કસ વિજ જોડાણો માટે ખેતીવાડી ફીડર માંથી જ વીજ જોડાણ આપી શકાય. પ્રસ્તુત કિસ્સામાં વિજ જોડાણ ગામ તળ થી દૂર માંગવામાં આવતા તેમને ખેતીવાડી ફીડરમાંથી વિજ પુરવઠો પુરો પાડવાની દરખાસ્ત કરવામાં આવેલ છે. | બી જે વાછાણી, પીજીવીસીએલ , પેટા વીભાગીય કચેરી -કુંકાવાવ મો: ૯૯૨૫૨૦૯૩૭૪ | કુંકાવાવ | અમરેલી-૨ | અમરેલી-૨ | નિકાલ | | |
| ૪ | | શ્રી રમેશભાઈ બચુભાઈ મોવલીયા ગામ : અરજણસુખ તા: કુંકાવાવ વડીયા, જીલ્લા : અમરેલી | અરજણસુખ થી સુર્યપ્રતાપગઢ ગામ સુધી ખેતીવાડી નાં અનીડા ફીડરના તાર ખેચવા બાબત | અરજદારની હાજરીમાં નાયબ ઇજનેર કુંકાવાવ દ્વારા તા: ૧૪.૦૫.૨૦૧૬ નાં રોજ સ્થળ સર્વે કરેલ છે. જે અનુસાર વિજતાર તંગ કરવા દરિમયાન ફેબ્રિકેશન વગેરે બદલવાની પણ જરૂરિયાત જણાયેલ છે. <u>જે સમારકામ ની કામગીરી તા: ૩૦.૦૫.૨૦૧૬ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે.</u> | બી જે વાછાણી, પીજીવીસીએલ , પેટા વીભાગીય કચેરી -કુંકાવાવ | કુંકાવાવ | અમરેલી-૨ | અમરેલી-૨ | નિકાલ | | |
| ૫ | | શ્રી નારણભાઈ લાલજીભાઈ વસાણી ગામ : જંગર તા: કુંકાવાવ વડીયા, જીલ્લા : અમરેલી | જંગર ગામમાં આવેલ જીઈબી નાં ટ્રાન્સફોર્મર સેન્ટર ફરતે તારની વાડ અથવા ફેન્સીંગ કરવા બાબત | નાયબ ઇજનેર કુંકાવાવ દ્વારા તા: ૧૪.૦૫.૨૦૧૬ નાં રોજ સ્થળ સર્વે કરેલ છે તદ્દ અનુસાર જંગર ગામમાં આવેલ પીજીવીસીએલ નાં ગામના <u>ત્રણેય ટ્રાન્સફોર્મર સેન્ટર ફરતે તારની વાડ/ ફેન્સીંગ કરવાની કામગીરી તા: ૩૦.૦૫.૨૦૧૬ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે.</u> | બી જે વાછાણી, પીજીવીસીએલ , પેટા વીભાગીય કચેરી -કુંકાવાવ | કુંકાવાવ | અમરેલી-૨ | અમરેલી-૨ | નિકાલ | | |
| ૬ | | શ્રી સરપંચશ્રી ગ્રામ પંચાયત કચેરી, ગામ મોટા ઉજળા, તા: | મોટા ઉજળા ગામે રોડ સાઈડ મા આવેલ વીજ લાઈન ફેરવવા બાબત | નાયબ ઇજનેર કુંકાવાવ દ્વારા તા: ૧૪.૦૫.૨૦૧૬ નાં રોજ સ્થળ સર્વે કરેલ છે. જે મુજબ મોટા ઉજળા ગામે સનાળી ના રસ્તે ડાબી તરફ ૧૧ કેવી ખજૂરી પીપરીયા જ્યોતિગ્રામ ફીડર નીકળે છે જે ત્રણ લીમડાના ગાઢ ઝાડ વચ્ચેથી પસાર થાય છે. જેથી વિજ લાઈન મરામત સમયે વૃક્ષો ની ડાળ અરજદાર દ્વારા કાપવા નહિ દેતા, વિજ લાઈન શીફ્ટીંગ નો આગ્રહ રાખતા સદરહુ વિજ લાઈન ફેરવવાની કાર્યવાહી તા: ૨૪.૦૫.૨૦૧૬ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે. | બી જે વાછાણી, પીજીવીસીએલ , પેટા વીભાગીય કચેરી -કુંકાવાવ મો: ૯૯૨૫૨૦૯૩૭૪ | કુંકાવાવ | અમરેલી-૨ | અમરેલી-૨ | નિકાલ | | |
| | | | ખેતીવાડી વીજ લાઈનમા નવા ઉભા કરવામાં આવેલ વીજ પોલ વ્યવસ્થિત ઉભા કરવા બાબત | ખેતીવાડી વીજલાઇનનાં નવા ઉભા કરવાની કામગીરી પીજીવીસીએલ ના પ્રવર્તમાન સ્પેસીફીકેશન મુજબ કરવમાં આવે છે. તેમજ કોન્ટ્રાક્ટરના બિલ પાસ કરવા સમયે નિયમાનુસાર ટકાવારી અનુસાર કોસ ચેકિંગ કરવામાં /ટેકનીકલ સ્ક્રુટીની કરવામાં આવે છે. વિશેષમાં અરજદાર દ્વારા કોઈ ખાસ કિસ્સાનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. જેથી, વધુ તપાસ કરી શકાય. | | | | | | | |

## પત્રક – ૧

## રાજ્ય આયોજિત લોક સંવાદ સેતુ દરમ્યાન અરજદારો દ્વારા રજૂઆત તેમજ પગુવીકલી દ્વારા આપવામાં આવેલ પ્રત્યુત્તર ની વિગત

| | |
|---|---|
| લોક સંવાદ સેતુ તારીખ : | ૧૯.૦૫.૨૦૧૬ |
| સ્થળ : | અમૃતબેન હીરાલાલ કન્યા વિદ્યાલય -વડીયા |
| સમય : | ૧૦:૦૦ કલાકે |
| તાલુકાનું નામ : | કુંકાવાવ |

**તા.૧૯.૫.૨૦૧૬ ના રોજ વડીયા મૂકામે યોજાયેલ તાલુકા કક્ષાના લોક સંવાદ સેતુ ના પ્રશ્નો ની વિગતો:**

| અનુક્રમ | લોક દરબાર નો પ્રશ્ન ક્રમાંક | રજુઆતકર્તાનુ નામ અને સરનામુ | પ્રશ્ન/રજુઆતની વિગત | લોક દરબાર દરમ્યાન જવાબ/નિર્ણયની વિગત | નિરાકરણ કરનારા અધિકારીશ્રીના નામ અને મોબાઇલ નંબર | પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | વર્તુળ કચેરી | નિકાલની સ્થિતી (નિકાલ/પડતર/ નીતી વિષયક) | જો પડતર હોય તો નિકાલની અંદાજીત તારીખ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | શ્રી રાજેશકુમાર પી દામોદર મુ.લુણીધાર તા.કુંકાવાવ જી.અમરેલી | લુણીધાર ગામે મારુતિનગર વિસ્તારમાં ૧૧ કે.વી. લુણીધાર ખેતીવાડી ફીડર ની વીજ લાઈન રહેણાંક મકાનો/બજાર ઉપર થી શીફ્ટ કરી બીજી જગ્યા એ લઇ જવા બાબત | તારીખ ૧૪-૦૫-૧૬ ના રોજ લુણીધાર મુકામે નાયબ ઈજનેર ચિતલ તથા ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર દ્વારા મારૂતીનગર પ્લોટ વિસ્તારમાં ગામ લુણીધાર સાથે અરજદાર,સરપંચ શ્રી લુણીધાર તેમજ અન્ય અગ્રણીઓને સાથે રાખીને સર્વે કરવામાં એવું સ્પષ્ટ થાય છે કે ૧૧ કે.વી. વીજલાઈન તથા પ્લોટીંગ આશરે ૪૫ વર્ષ જુનું છે. ૧૧ કે.વી. વીજલાઈન આશરે ૧ કી.મી.જેટલી ફેરવવાની જરૂરિયાત જણાય છે.તેમજ વીજલાઈનના વાયર તેમજ ફેબ્રિકેશન પણ બદલાવવાની જરૂરિયાત જણાય છે.પ્રશ્નના નિરાકરણ સારું ગામ ની પાછળના ભાગે ૪૮૦ મીટર નવી વીજલાઈન ઉભી કરવાથી આ લાઈન મકાનો ઉપરથી નીકળી જાય તેમ છે. આ અંગે સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ સ્કીમ હેઠળ પ્રોજેકટ નંબર ૧૩૯૮૭૭ તારીખ ૧૬-૫-૧૬ થી મંજૂરી મેળવી લેવામાં આવેલ છે.તેમજ સદરહુ કામગીરી તા. ૧૮.૫.૧૬ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે. | એમ.બી.ઠાકર, નાયબ ઇજનેર , પીજીવીસીએલ , પેટા વીભાગીય કચેરી - ચિતલ મો: ૯૯૨૫૨૦૯૩૪૫ | ચિતલ | અમરેલી-૧ | અમરેલી | નિકાલ | | |

**પ્રગતિ અહેવાલની તા. ૧૧.૭.૨૦૧૬**

| | | |
|---|---|---|
| તા. ૧૯/૦૫/૨૦૧૬ ના રોજ યોજાનાર લોક દરબારના પ્રશ્નો નો પ્રગતિ અહેવાલ | રજુ થયેલ પ્રશ્નાના સખ્યા | ૭ |
| | નિતિ વિષયક પ્રશ્નોની સંખ્યા | ૦ |
| | નિકાલ થયેલ પ્રશ્નોની સંખ્યા | ૭ |
| | પડતર રહેલ પ્રશ્નોની સંખ્યા | ૦ |

કાર્યપાલક ઈજનેરશ્રી,
પીજીવીસીએલ,
વિભાગીય કચેરી, અમરેલી-૨